રવિવાર, 16 નવેમ્બર, 2025 કારતક વદ બારસ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✱ મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✱ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✱ દૈનિક સોશિયલ આવૃત્તિ ✱

## અટલાદરામાં ગંદુ પાણી કાંડ: બે સોસાયટીઓમાં ગટરમિશ્રણથી રોગચાળાનો ભય

વડોદરા: વડોદરા શહેરના અટલાદરા વિસ્તારમાં આવેલી બે સોસાયટીઓ—પ્રમુખ સ્વામી કુટીર અને નીલકંઠ નગર—માં છેલ્લા કેટલાક દિવસોથી પીવાના પાણીની લાઈનમાં ગટરનું દૂષિત પાણી મિશ્રિત થવાનો ગંભીર મામલો સામે આવ્યો છે.

આ અંગે વોર્ડ 12ના પ્રમુખ રાકેશ ઠાકોરે જણાવ્યું કે રહેવાસીઓએ લીધેલા અનેક નમૂનાઓમાં પાણીમાં દુર્ગંધ અને ગંદકી સ્પષ્ટ જોવા મળી છે. સ્થાનિક નાગરિકોના જણાવ્યા મુજબ, આ દૂષિત પાણીના કારણે વિસ્તારમાં તાવ, પેટનાં રોગો અને ઊલટી-ઝડા જેવા લક્ષણોમાં વધારો જોવા મળ્યો છે, જેનાથી રોગચાળો ફેલાવવાની દહેશત છે. ઠાકોરે આક્ષેપ કર્યો હતો કે, સ્થાનિકોએ વડોદરા મહાનગર સેવા સદનને અનેક વખત લેખિત અને ફોન દ્વારા જાણ કરી હોવા છતાં, તંત્ર દ્વારા કોઈ પ્રાથમિક કાર્યવાહી કે તાત્કાલિક રિપેર વર્ક કરવામાં આવ્યું નથી. નાગરિકોનું કહેવું છે કે પાણી જેવી મૂળભૂત સુવિધામાં આવી બેદરકારી સ્વીકાર્ય નથી, જે સીધી રીતે લોકોના આરોગ્યને અસર કરી રહી છે.

જો વહીવટીતંત્ર સમયસર પ્રતિભાવ આપીને સમસ્યાનો ઉકેલ નહીં લાવે, તો રહેવાસીઓ મજબૂરીમાં મોરચો કાઢીને આંદોલનનો માર્ગ અપનાવશે, તેવી ચીમકી ઠાકોરે આપી છે. તેમણે તાત્કાલિક ટેકનિકલ સર્વે, લાઈન ક્લીનિંગ અને પાણીની ગુણવત્તા ચકાસણીની માંગ કરી.



**વડોદરાના અટલાદરા વિસ્તારમાં પીવાના પાણીમાં ગટરનું પાણી ભળતા રોગચાળાનો ભય. મનપાની બેદરકારી સામે રહેવાસીઓએ આંદોલનની ચીમકી આપી.**

## સિદ્ધાર્થ એક્સલેન્સ ટેરેસ પર આગ, અફરાતફરી સર્જાઈ

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલી કોમર્શિયલ ઇમારત સિદ્ધાર્થ એક્સલેન્સના ટેરેસ પર ગત રાત્રે લાગેલી આગે અફરાતફરી મચાવી હતી. ટેરેસ પર રાખેલા ફર્નિચર સ્ક્રેપ મટીરિયલ અચાનક સળગતા ઘેરો ધુમાડો ઊઠ્યો હતો, જેને કારણે ઇમારત અને આસપાસના લોકોમાં ભયનો માહોલ સર્જાયો. ઘટનાની જાણ થતાં જ વાસણા ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી પહોંચી હતી. એક ટીમે ઇમારતમાં રહેલા લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા અને બીજી ટીમે આગ કાબૂમાં લેવાની કામગીરી શરૂ કરી. આગમાં એક એસીનું આઉટડોર યુનિટ પણ સળગી ગયું હતું. સ્થાનિક સ્તરે ફટાકડાં ફોડાયા હોવાનું કહેવાય છે, પરંતુ ચોક્કસ કારણ અંગે તપાસ ચાલુ છે. ફાયર વિભાગની ઝડપી કામગીરીથી આગ વધુ ફેલાતી અટકાવવામાં આવી હતી. સદનસીબે કોઈ જાનહાનિ પહોંચી નથી.

## ડભોઇ–બોડેલી રોડ પર બાઇક અથડામણથી 65 વર્ષીય વૃદ્ધનો મૃત્યુદુર્ઘટના

ડભોઇ–બોડેલી રોડ પર જાગનાથ રેતી પ્લાન્ટ નજીક ગુરુવારે સાંજે બનેલી ગંભીર અકસ્માત ઘટનામાં 65 વર્ષીય ઈસ્માઇલભાઈ ઈબ્રાહીમભાઈ સલાટનું કરુણ અવસાન થયું છે. નવીનગર વિસ્તારમાં રહેતા ઈસ્માઇલભાઈ રોજિંદા કામ પૂર્ણ કરીને હાથલારી લઈને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે પાછળથી ઝડપી અને બેદરકાર ગતિએ આવી રહેલી TVS જ્યુપીટર બાઇક (નં. GJ-22-S-9278)એ તેમને સીધી જોરદાર ટક્કર મારી હતી. અથડામણ એટલી તીવ્ર હતી કે ઈસ્માઇલભાઈ રસ્તા પર પટકાઈ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટના બાદ તેમને તરત જ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા, પરંતુ ગંભીર ઇજાઓને કારણે સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું. બાઇકચાલક ટક્કર બાદ સ્થળ પરથી ફરાર થઈ ગયો હોવાની માહિતી સામે આવી છે, જેના કારણે પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે. અકસ્માત સ્થળે લોકોની ભીડ એકત્ર થઈ હતી અને વૃદ્ધના અવસાનથી સમગ્ર નવીનગર વિસ્તારમાં શોક ફેલાયો છે. સ્થાનિકોએ માર્ગ પર વધી રહેલા બેદરકાર વાહનચાલન અંગે ચિંતા વ્યક્ત કરી છે અને સલામતી માટે કડક પગલાં લેવા પ્રશાસનને અપીલ કરી છે.

### ડભોઈ–કરજણમાં બે ગંભીર માર્ગ અકસ્માતે બેના જીવ ગયા

## વડોદરા ગ્રામ્યમાં છ પ્રોહિબિશન કિસ્સા એક જ દિવસે

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં 15 નવેમ્બરના રોજ પ્રોહિબિશન કાયદાનો ભંગ થતાં છ અલગ કિસ્સાઓ સામે આવ્યા છે. ભાદરવા ગામમાં ઇન્દ્રજીતસિંહ રાઠોડ જાહેરમાં નશાની હાલતમાં લથડતા જોવા મળતાં સ્થાનિકોમાં ચર્ચા જાગી હતી. બીજી તરફ, પાદરા તાલુકાના કુરાલ ગામે લક્ષ્મીબેન વાઘરીના અડારામાં પ્લાસ્ટિક થેલીમાં દેશી દારૂનો નાનો જથ્થો મળી આવ્યો હતો, જેને પાસ-પરમીટ વગર રાખવામાં આવ્યાની માહિતી સામે આવી છે. જરોદ વિસ્તારના કોટાલી ગામે કૈલાશબેન રાઠોડીયાના ઘરના પાછળના ભાગમાંથી દેશમાં બનાવાયેલા દારૂની બોટલો મળી આવતા વધુ એક કિસ્સો નોંધાયો છે. ડભોઈ તાલુકામાં પણ બે જુદી ઘટનાઓ સામે આવી છે. ઝવેરપુરા (કરણેટ) ગામે વિક્રમભાઈ વસાવા જાહેરમાં નશાની હાલતમાં બકવાસ કરતો જોવા મળ્યો હતો, જ્યારે ધરમપુરી ગામમાં મનીષાબેન જયસ્વાલ અને નીરૂબેન તડવીના ઘરના ઓરડા પરથી દેશી દારૂ મળતાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

એક જ દિવસમાં છ કિસ્સાઓ સામે આવતા ગ્રામ્ય વિસ્તારોમાં પ્રોહિબિશન નિયમોનું પાલન પ્રશ્નચિહ્ન હેઠળ આવ્યું છે.

**વડોદરા ગ્રામ્યના છ વિસ્તારોમાં દારૂનો જથ્થો મળી આવતાં અને બે સ્થળે નશામાં લથડતા લોકો ઝડપાતા પ્રોહિબિશનના કેસ નોંધાયા.**

## વડોદરા સ્ટેશનથી પોલિટેક્નિક બ્રિજ રિપેરિંગની કોંગ્રેસની માંગ

વડોદરામાં રસ્તાઓની બગડતી હાલતને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. કોંગ્રેસની કોર્પોરેટર અમી રાવતે તંત્ર સામે આકરા શબ્દોમાં પ્રતિક્રિયા વ્યક્ત કરતાં વડોદરા સ્ટેશનથી પોલિટેક્નિક શાસ્ત્રી બ્રિજ સુધીના માર્ગના તાત્કાલિક સમારકામની માંગણી કરી છે. તેમના જણાવ્યા મુજબ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કામને કારણે માર્ગ સાંકડો થયો છે અને ખુલ્લો ભાગ પણ ગંભીર રીતે જર્જરિત છે, જેને કારણે દૈનિક મુસાફરો મુશ્કેલી અનુભવી રહ્યા છે. રાવતે આ સ્થિતિને તંત્રની બેદરકારી ગણાવી સરકારના વિકાસના દાવાઓ પર સવાલ ઉઠાવ્યા છે અને તરત જ પગલાં લેવાની માંગ કરી છે.

## લુણા ગામની ફેક્ટરીમાં સ્ટીમ ફાટકાથી કર્મચારી નરેન્દ્રસિંહનું અવસાન

પાદરા તાલુકાના લુણા ગામે આવેલી યુમેડીકા લેબોરેટરીઝમાં શટડાઉન દરમ્યાન બનેલી ઔદ્યોગિક દુર્ઘટનામાં એક કર્મચારીનું મોત થયું છે. બોઇલર વિભાગમાં સ્ટીમ લાઇનના વાલ્વનું રિપેરીંગ કર્યા બાદ મેઇન વાલ્વ ખોલતા લાઇનમાં રહેલું ગરમ પાણી અચાનક બહાર નીકળતાં મેન્ટેનન્સ સ્ટાફ અને હેલ્પર મણીલાલ પરમાર દાઝી ગયા હતા. ગંભીર રીતે ઘાયલ નરેન્દ્રસિંહ સંપતસિંહ સોલંકી (39)ને હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં 14 નવેમ્બરની રાત્રે સારવાર દરમ્યાન તેમનું અવસાન થયું.

## રાજકોટ મનપા: જન્મ-મરણ દાખલા માટે લાઇન, સ્ટાફ ચૂંટણી કામમાં

રાજકોટ મહાનગરપાલિકાના સિવિક સેન્ટર ખાતે આજે જન્મ અને મરણના દાખલા માટે પ્રમાણપત્ર મેળવવા આવેલા નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. સવારે જ અરજદારોની ભીડ વધી ગઈ હતી, પરંતુ 11માંથી 9 કર્મચારીઓને મતદાર યાદીની કામગીરીમાં ખસેડી દેતા કાઉન્ટર પર માત્ર બે કર્મચારીઓથી જ કામગીરી ચાલી રહી હતી. સ્ટાફની ગંભીર અછતને કારણે ફોર્મ ચકાસણી અને દાખલા ઇશ્યુ કરવાની પ્રક્રિયા ધીમી પડતાં લાંબી લાઈનો લાગી હતી. નાગરિકોમાં સેવા પ્રણાલીની ધીમી ગતિ અંગે અસંતોષ જોવા મળ્યો. **રિપોર્ટ હાર્દિક ચંદારાણા**

## રેન્જ રોવર માલિકનો અનોખો વિરોધ: શોરૂમની નબળી સર્વિસથી કંટાળીને કારને બળદગાડા સાથે ખેંચી લાવ્યો




રાજકોટ શહેરમાં એક અનોખી અને ચર્ચાસ્પદ ઘટના સામે આવી છે, જેમાં વસીમ ખોખર નામના યુવાને પોતાની ₹2 કરોડની રેન્જ રોવર કારની નબળી સર્વિસ અને વારંવાર સર્જાતી ટેક્નિકલ ખામીઓ સામે અનોખો વિરોધ કર્યો હતો. ગ્રાહકના જણાવ્યા મુજબ કારમાં સતત સમસ્યાઓ ઊભી થતી હતી, જેના સમાધાન માટે તેમણે શોરૂમમાં અનેક વખત રજૂઆતો કરી હતી, પરંતુ સર્વિસ ટીમ તરફથી માત્ર ખોટા વાયદા, ખોટો ટાઈમ અને ટાળમટોળ જ મળતો રહ્યો હતો. કોઈ સંતોષકારક ઉકેલ ન મળતાં તેમણે પોતાની લક્ઝરી કારને બળદગાડા પાછળ બાંધીને શોરૂમ સુધી ખેંચી લાવી હતી. કાર પર લગાવેલા પોસ્ટરમાં લખ્યું હતું: "રેન્જ રોવર ના લેતા... સર્વિસ નથી આપતા..." આ દ્રશ્યો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થતાં શોરૂમોની સર્વિસ ક્વોલિટી અંગે નવી ચર્ચા શરૂ થઈ છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## જાબાળ ગામે કિસાનસભામાં કાર્યકરોનો AAP તરફ વળાંક

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના જાબાળ ગામમાં આજ રોજ આમ આદમી પાર્ટી દ્વારા કિસાન ન્યાયસભાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ગામજનોનો સારો પ્રતિસાદ મળ્યો હતો. સભા દરમિયાન જાબાળ ગામના 100થી વધુ ભાજપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓ, ખેડૂતો તથા યુવાનો આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કરીને સત્તાવાર રીતે પાર્ટીમાં જોડાયા હતા, જેના કારણે સ્થાનિક રાજકીય સંતુલનમાં નોંધપાત્ર બદલાવ જોવા મળ્યો છે.

આ મીટીંગ AAPના યુવા આગેવાન અને આંબરડી તાલુકા પંચાયત પ્રભારી હિતેશ દોંગાની આગેવાનીમાં યોજાઈ હતી. કાર્યક્રમમાં વિધાનસભા ઇન્ચાર્જ ઓધવજીભાઈ રાદડિયા, સહ-ઇન્ચાર્જ મનીષભાઈ શેલડીયા, તેમજ ગાધકડા જિલ્લા પંચાયત પ્રભારી જગદીશભાઈ કલાણીયા સહિતના આગેવાનો પણ હાજર રહ્યા હતા. ગામના અનેક આગેવાનો અને તેમના ટેકેદારો પણ આ અવસરે AAPમાં જોડાયા.

# ડભોઇ તેનતલાવમાં દાણાના વિવાદથી હુમલો, ત્રણ ઈજાગ્રસ્ત




ડભોઇ તાલુકાના તેનતલાવ ગામની સીમમાં રહેલી ખેતીની જમીનને લઈને દાણાની રકમના વિવાદે ગઈ કાલે બપોરે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. માહિતી મુજબ, ફરિયાદી પ્રતિકકુમાર રાજેશભાઈ પટેલ દાણાની બાકી રકમ અંગે વાતચીત કરવા તથા ખેતર પરથી સામાન લેવા પરિવારજનો સાથે ગયા હતા. આ દરમિયાન આરોપી ધર્મેન્દ્રસિંહ રાજપુત અને ઇન્દ્રજીતસિંહ ઉર્ફે લખન રાજપુત સાથે તીવ્ર બોલાચાલી સર્જાઈ હતી.

વિવાદ ઉગ્ર બનતા ધર્મેન્દ્રસિંહે લોખંડની સળીયાની કોસ વડે ફરિયાદીની પત્ની નિકિતાબેનને માથામાં ગંભીર ઇજા પહોંચાડી હતી. વચ્ચે પડેલી નિલ્પાબેન વિવેકભાઈ પટેલને પણ કોસથી માથામાં માર પડ્યો હતો. પરિસ્થિતિ નિયંત્રિત કરવાનો પ્રયાસ કરતાં ફરિયાદી પ્રતિકકુમારે ધર્મેન્દ્રસિંહને રોક્યા ત્યારે તેણે છરી વડે ફરિયાદીના ગળાની નીચેના ભાગે ઘા માર્યો હતો. આરોપી લખન રાજપુતે લાકડાના ડંડાથી પણ માર માર્યાની જાણકારી પ્રાપ્ત થઈ છે. ઘટનાના અંતે આરોપીઓએ ફરિયાદીની ક્રેટા કારના આગળ-પાછળના કાચ તોડી આશરે રૂ. 80,000 થી 90,000નું નુકસાન કર્યું હોવાનું જણાવાયું છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

દાણાની રકમને લઈને ઉભા થયેલા મતભેદે હિંસક સ્વરૂપ ધારણ કર્યાનું ગામમાં ચર્ચાનો વિષય બન્યો છે. સમગ્ર બનાવ અંગે જરૂરી કાર્યવાહી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

## નેત્રંગ: બિરસા મુંડા જયંતિએ ચૈતર વસાવાનું શક્તિ પ્રદર્શન



ભરૂચ જિલ્લાના નેત્રંગ ખાતે ક્રાંતિકારી બિરસા મુંડાજીની 150મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટી (AAP)ના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉજવણી બાદ ધારાસભ્ય વસાવાએ વિશાળ જનસભાને સંબોધી હતી, જેમાં હજારોની સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી. વસાવાએ કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલ સાથે જંગી સભા અને રેલી યોજીને શક્તિ પ્રદર્શન કર્યું હતું. આ રેલીના ડ્રોન વીડિયો પણ સામે આવ્યા છે.

ધારાસભ્ય વસાવાએ સભાને સંબોધતા સ્પષ્ટ કહ્યું હતું કે, "ઓરિજિનલ આદિવાસીઓની ભીડ જોઈ લો, આ અમારી તાકાત છે!" વસાવાએ આદિવાસી સમાજના શોષણ મુદ્દે આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, બિરસા મુંડાનો ધ્યેય આદિવાસી સમાજ સ્વતંત્ર અને સ્વમાનભેર જીવન જીવે તે હતો. તેમણે ઈતિહાસનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ડચ, મુગલ, અંગ્રેજોના શાસનથી લઈને આજ દિન સુધી આદિવાસી સમાજનું શોષણ જ થઈ રહ્યું છે. ચૈતર વસાવાએ બંધારણીય જોગવાઈઓ અંગે સરકાર પર પ્રહાર કર્યા હતા. તેમણે સવાલ ઉઠાવ્યો કે, આસામ, સિક્કિમ જેવા રાજ્યોમાં અનુસૂચિ-6 લાગુ છે, પરંતુ ગુજરાતમાં આજ દિન સુધી અનુસૂચિ-૫ પણ સંપૂર્ણ લાગુ નથી. તેમણે આક્ષેપ કર્યો કે સત્તામાં બેઠેલા લોકો સત્તાનો દુરુપયોગ કરીને આદિવાસીઓની જમીન અને કુદરતી સંસાધનો છીનવી રહ્યા છે. તેમણે ડેડિયાપાડાની તાકાતનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, આપણી એકતાના કારણે આજે વડાપ્રધાનને પણ ડેડિયાપાડા આવવું પડે છે.

## વડોદરા જેલમાં પ્રતિબંધિત મોબાઈલ મળવાનો કેસ

રાવપુરા પોલીસ સ્ટેશન હદની મધ્યસ્થ જેલમાં પ્રતિબંધિત વસ્તુ મળવાનો કેસ નોંધાયો છે. સર્કલ વિભાગના યાર્ડ નં. 02 પાછળ આવેલી બેરેક નં. 04 પાસેના જનરલ સંડાસના પોખરામાં તપાસ દરમિયાન પ્લાસ્ટિકમાં વીંટાળેલો કેચેડા કંપનીનો મોબાઈલ ફોન બિનવારસી હાલતમાં મળી આવ્યો હતો. આશરે ₹100 મૂલ્યનો આ મોબાઈલ પ્રતિબંધિત વિસ્તારમાં મળતા જેલ કમિશનર દ્વારા જારી જાહેરનામાના ભંગ બાબતે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ઘટનાની પ્રાથમિક તપાસ એએસઆઈ નીતાબેન ઓખાભાઇ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

## વડોદરામાં ચાર અલગ અકસ્માત, બેના મોત નોંધાયા

વડોદરા શહેરમાં હરણી, માંજલપુર અને ફતેગંજ વિસ્તારોમાં ચાર અલગ અકસ્માતના કેસ નોંધાયા છે. હરણી રોડ પર જીગર મુલચંદાની ચલાવેલી કાર એક્ટિવા સાથેન બીપન ગૌતમને ઢસડી મારતા તેમનું મોત થયું. ફતેગંજ વિસ્તારમાં પણ અજાણી લાલ કાર ચાલકની ટક્કર બાદ ગંભીર ઘાયલ વૃદ્ધનું સારવાર દરમિયાન અવસાન થયું. તપાસ સંબંધિત પોલીસ સ્ટેશનો દ્વારા ચાલુ છે.

## વડોદરામાં ચાર અલગ અકસ્માત, બેના મોત નોંધાયા

વડોદરા શહેરમાં હરણી, માંજલપુર અને ફતેગંજ વિસ્તારોમાં ચાર અલગ અકસ્માતના કેસ નોંધાયા છે. હરણી રોડ પર જીગર મુલચંદાની ચલાવેલી કાર એક્ટિવા સાથે અથડાતાં ફરિયાદીને હાથમાં ફ્રેક્ચર થયું. માંજલપુરમાં લક્ઝરી બસ ચાલકે નશામાં ગફલતભરી ડ્રાઈવિંગ કરી સિગ્નલ પર ઊભેલી કારને ટક્કર મારી હતી. તુલસીધામ માર્ગે બાઈક ચાલકે રોડ ક્રોસ કરતા યુવાન બીપન ગૌતમને ઢસડી મારતા તેમનું મોત થયું. ફતેગંજ વિસ્તારમાં પણ અજાણી લાલ કાર ચાલકની ટક્કર બાદ ગંભીર ઘાયલ વૃદ્ધનું સારવાર દરમિયાન અવસાન થયું. તપાસ સંબંધિત પોલીસ સ્ટેશનો દ્વારા ચાલુ છે.

## છાપીમાં ટેન્કર બ્લાસ્ટ: યુવકનું શરીર 50 ફૂટ હવામાં ફંગોળાયું

છાપી: વડગામ તાલુકાના છાપી ખાતે આવેલી વસંત ફેબ્રિકેટ્સ ઇન્ડસ્ટ્રીમાં ગઈકાલે (નવેમ્બર ૧૪) સાંજે એક અત્યંત ગમખ્વાર દુર્ઘટના બની છે, જેમાં ૨૮ વર્ષીય યુવકનું કરૂણ મોત નીપજ્યું હતું. વીર ઇન્ટરનેશનલ ટેક્સ એન્ડ કન્ટેનર્સ પ્રા. લિ.ના ટેસ્ટિંગ એરિયામાં આ દુર્ઘટના સર્જાઈ હતી, જેના સીસીટીવી ફૂટેજ આજે સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ, મૃતક યુવક જગમોહન રામ (મૂળ ઉત્તર પ્રદેશ) સવારે ૯ વાગ્યાની આસપાસ ISO ટેન્કર પર બોલ્ટ ફિટ કરી રહ્યો હતો. તે સમયે ટેન્કરની અંદરનું હવાનું પ્રચંડ દબાણ (પ્રેશર) અસહ્ય બની ગયું અને વચ્ચેનું ઢાંકણું અચાનક જોરદાર ધડાકા સાથે ઉછળ્યું હતું. આ ઉછળેલું ઢાંકણું સીધું યુવક જગમોહનને વાગ્યું, જેના કારણે તે હવાના પ્રેશરથી અંદાજે ૫૦ ફૂટ ઊંચે ફંગોળાઈ ગયો હતો અને દૂર સેડ પર પટકાયો હતો. આ ભયાનક અકસ્માતમાં યુવકનો ડાબો પગ શરીરથી અલગ થઈ ગયો હતો. માથા અને શરીરના ગંભીર ઇજાઓને કારણે જગમોહનનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. મૃતકના પિતા શિવજી રામ બલીયાએ છાપી પોલીસ મથકે પહોંચી આ મામલે ફરિયાદ નોંધાવી છે. પોલીસે હાલ અકસ્માત મૃત્યુનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે, પરંતુ ટેન્કરના ટેસ્ટિંગ દરમિયાન સુરક્ષાના માપદંડોનું પાલન થયું હતું કે કેમ, તે અંગે અનેક સવાલો ઊભા થયા છે.



## સુરત ₹50 Cr હીરા ઠગાઈ: કોર્ટે CIDની રિમાન્ડ ફગાવી

સુરત: હીરા બજારમાં લગભગ ₹૫૦ કરોડની મહા ઠગાઈના ચકચારજનક કેસમાં CID ક્રાઈમની તપાસ પ્રક્રિયા પર ફરી ગંભીર સવાલો ઊભા થયા છે. કોર્ટે મુખ્ય આરોપી જયમ મહેશ સોનાણીની ૭ દિવસની રિમાન્ડ અરજીને ફગાવી દેતા તેને સીધો જેલભેગો કરવાનો આદેશ કર્યો છે.

CID દ્વારા રિમાન્ડ માટે રજૂ કરાયેલા ગ્રાઉન્ડ્સ, જેમાં ₹૨૬.૬૦ કરોડના ટ્રાન્સફર થયેલા નાણાંનો ઉપયોગ અને ફરાર આરોપીઓની ભાળ મેળવવાનો સમાવેશ થતો હતો, તે કોર્ટને પૂરતા ઠોસ ન લાગતાં અરજી નામંજૂર થઈ હતી.

નોંધનીય છે કે આરોપી સોનાણીએ ફરિયાદી હીરા વેપારી અંકુશ નાકરાણીને રફ હીરા ઉત્પાદનની શ્રેષ્ઠ ટેકનોલોજીની લાલચ આપીને રોકડ અને હીરા મળીને લગભગ ₹૫૦ કરોડની છેતરપિંડી કરી હતી. આ કેસમાં CIDની તપાસ પર અગાઉ પણ સવાલ ઉઠ્યા હતા, જ્યારે આરોપીને એરપોર્ટ પરથી 'ઉંચકી' ગણતરીના કલાકોમાં છોડી મૂકાયો હતો. આ વિવાદાસ્પદ ભૂતકાળને કારણે જ કોર્ટે વર્તમાન રિમાન્ડ અરજી ગંભીરતાથી ધ્યાને લીધી ન હોવાની ચર્ચા વેપારી વર્તુળોમાં છે. હવે આ કેસમાં આવકવેરા વિભાગ પણ જોડાઈ શકે છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## KKRએ વેંકટેશ અય્યર અને આન્દ્રે રસેલને કર્યા રિલીઝ; IPL ઓક્શન

કોલકાતા નાઇટ રાઇડર્સ (KKR)એ IPLની આગામી સીઝન પહેલાં બે મોટા ફેરફારો કરીને સૌને ચોંકાવ્યા છે. ટીમે IPL ઇતિહાસના ત્રીજા સૌથી મોંઘા ખેલાડી વેંકટેશ અય્યર (₹23.75 કરોડ) અને 12 વર્ષથી જોડાયેલા ઓલરાઉન્ડર આન્દ્રે રસેલ (₹12 કરોડ)ને રિલીઝ કર્યા છે. નિરાશાજનક પ્રદર્શન બાદ બંને ખેલાડીઓ હવે 16 ડિસેમ્બરે અબુ ધાબીમાં યોજાનારા મિની ઓક્શનમાં ભાગ લેશે. ગયા સીઝનમાં અય્યરે 11 મેચમાં માત્ર 142 રન બનાવ્યા હતા, જ્યારે 37 વર્ષીય રસેલે 13 મેચમાં 167 રન અને 8 વિકેટનો જ યોગદાન આપ્યું હતું.

આ વચ્ચે CSKએ મથિશા પથિરાના, ડેવોન કોનવે અને રચિન રવિન્દ્ર સહિત કુલ 10 ખેલાડીઓને રિલીઝ કર્યા છે. પંજાબ કિંગ્સે ગ્લેન મેક્સવેલ અને જોશ ઇંગ્લિસને મુક્ત કર્યા છે, જ્યારે ગુજરાત ટાઇટન્સે 5 ખેલાડીઓને રિલીઝ કર્યા છે.

## ઓખા: કોર્ટ મેરેજમાં તણાવ; પતિએ પેટ્રોલ છાંટી પત્નીને બાથમાં લીધી

કોર્ટ મેરેજના માત્ર ત્રણ મહિનામાં જ સંબંધોમાં આવેલો તણાવ એક કરુણ અને આત્મઘાતી ઘટનામાં પરિણમ્યો છે. ઓખાના મારુતિ નગર વિસ્તારમાં, પત્નીના માતાના ઘરે રિસામણે રહેલી યુવતીને તેના પતિએ પેટ્રોલ છાંટીને આગ ચાંપી દેવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં દંપતી અને યુવતીના માતા ગંભીર રીતે દાઝી ગયા હતા.

ઓખા, કાર્બન સોસાયટીના જય સુરેશ બારીયા (ઉ.વ. અંદાજે 23) અને મારુતિ નગરના ઉર્મિલાબેન ચૌહાણ (ઉ.વ. 23)એ આશરે ત્રણ મહિના પહેલા કોર્ટ મેરેજ કર્યા હતા. લગ્નજીવનના થોડા જ સમયમાં બંને વચ્ચે વિખવાદ થતાં, ઉર્મિલાબેન છેલ્લા દસેક દિવસથી પોતાના માતા મીનાબેન ચૌહાણ (ઉ.વ. 45)ના ઘરે રહેવા આવી ગયા હતા.

પોલીસ દફતરે જાહેર થયેલી વિગતો મુજબ, મંગળવાર, તા. 11ના રોજ જય બારીયા એકાએક પેટ્રોલના કેન સાથે તેના સાસુ મીનાબેનના ઘરે પહોંચ્યો હતો. તેણે પહેલા પોતાના શરીર પર પેટ્રોલ છાંટી દીવાસળી ચાંપી દીધી હતી. આગ લાગ્યા બાદ તેણે તાત્કાલિક પોતાની પત્ની ઉર્મિલાબેનને પણ બાથમાં ભીડી લીધી, જેના કારણે બંને ભડભડ સળગવા લાગ્યાં હતાં. પુત્રી અને જમાઈને સળગતા જોઈને ઉર્મિલાબેનના માતા મીનાબેને તેમને છોડાવવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં તેઓ પણ ગંભીર રીતે દાઝી ગયા હતા. આ બનાવમાં ઘરમાં પણ નુકસાની થઈ હતી. ગંભીર રીતે દાઝી ગયેલા દંપતી અને માતા મીનાબેનને તાત્કાલિક વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. નોંધનીય છે કે, ઉર્મિલાબેન અગાઉ પણ અન્ય એક યુવાન સાથે લગ્ન કરીને એક બાળક ધરાવે છે. મીનાબેન ચૌહાણની ફરિયાદના આધારે ઓખા મરીન પોલીસે પતિ જય બારીયા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ચકચારી પ્રકરણે સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચા





## ભાવનગરમાં નીતેશ પાંડેએ બે દિવસમાં 10 પોલીસકર્મી સસ્પેન્ડ



ડેડિયાપાડામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલા જાહેર કાર્યક્રમ દરમિયાન આદિવાસી કલા અને પરંપરાગત સર્જનાત્મકતાને વિશેષ સ્થાન મળ્યું. સંબોધન દરમિયાન વડાપ્રધાને ગુજરાતના આદિવાસી સમાજની અનોખી કલાત્મક પરંપરાઓ—ખાસ કરીને વારલી કળા—વિશે વાત કરતા હતા, ત્યારે સભામાં હાજર રાંભવા ગામની યુવતી સ્નેહા વસાવાએ પોતે બનાવેલું વારલી પેઈન્ટિંગ ઊંચું કરીને દર્શાવ્યું. આ દૃશ્યે વડાપ્રધાનનું ધ્યાન ખેંચ્યું અને તેમણે ભાષણ વચ્ચે થોડો વિરામ લઈને સીધું સ્નેહા પાસેથી ચિત્ર સ્વીકાર્યું.

સ્નેહા વસાવાએ જણાવ્યું કે પેઈન્ટિંગ બનાવવામાં તેણે કોઈ કલરનો ઉપયોગ કર્યો નહોતો. તેના બદલે છાણ, ગુંદર અને ચોખાના લોટના મિશ્રણથી પરંપરાગત રીત મુજબ આ ચિત્ર તૈયાર કર્યું હતું, જેને પૂર્ણ કરવા તેને પાંચ દિવસ લાગ્યા હતા. પરંપરાગત સામગ્રીનો આ ઉપયોગ આદિવાસી કળાની મૂળ ઓળખને ઉજાગર કરે છે.

કાર્યક્રમમાં હાજર પદ્મશ્રી પુરસ્કાર વિજેતા આદિવાસી કલાકાર પરેશ રાઠવાનો વડાપ્રધાને ખાસ ઉલ્લેખ કર્યો. મોદીએ જણાવ્યું કે જેમણે આદિવાસી વારસાને જીવંત રાખ્યો છે, એવા કલાકારો દેશની સાંસ્કૃતિક સમૃદ્ધિનું પ્રતિનિધિત્વ કરે છે. ઉલ્લેખ બાદ પરેશ રાઠવાએ ગર્વ અને આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે રાષ્ટ્રીય સ્તરે આદિવાસી કલાકારોની ઓળખ વધે તે સમાજને પ્રેરણા આપે છે. આ સમગ્ર ઘટનાએ ડેડિયાપાડાની આદિવાસી કલા, યુવા પ્રતિભા અને સ્થાનિક કલાકારોની ઓળખને વિશેષ પ્રકાશમાં લાવી, અને પરંપરા-આધારીત સર્જનાત્મકતાને રાષ્ટ્રીય મંચ સુધી પહોંચાડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

## અકોટામાં સ્ત્રી પર લાંબા સમયનો ત્રાસ અને ધમકીઓનો કેસ

અકોટા વિસ્તારમાં એક મહિલાએ તેના પતિ તેમજ સાસરીયા સભ્યો વિરુદ્ધ લાંબા સમયથી ચાલુ રહેલા ત્રાસ, દાગીના હડપ કરવાનો પ્રયાસ અને ગંભીર ધમકીઓનો આક્ષેપ કરતાં ફરિયાદ નોંધાવી છે. માહિતી મુજબ, ફરિયાદીનું કહેવું છે કે 21 ફેબ્રુઆરી 2028થી આજદિન સુધી તેણીને શારીરિક તેમજ માનસિક ત્રાસનો સામનો કરવો પડ્યો હતો.

ફરિયાદ અનુસાર, પતિ તક્ષરાજસિંહ મહેંદ્રસિંહ વાળા, સસરા મહેંદ્રસિંહ બટુકસિંહ વાળા અને સાસુ પ્રતિબા મહેંદ્રસિંહ વાળાએ તેણીના સોના-ચાંદીના દાગીના લઈ તેને વેચી નાંખ્યા હતા. આ ઉપરાંત પરિવારજનો વારંવાર ખોટા શક રાખીને બોલાચાલી કરતા, ઝઘડા કરતા અને વાતાવરણ તણાવપૂર્ણ બનાવતા હતા. ફરિયાદમાં એવો પણ આક્ષેપ છે કે તેણી તેમજ તેના દીકરા જ્યોતઆદિત્યને ધમકાવી જાનથી મારી નાખવાની ચેતવણી આપવામાં આવી હતી.

ફરિયાદ અનુસાર, સસરા-સાસુએ પણ પતિનો સાથ આપી વારંવાર અપમાનજનક વર્તન કર્યું અને પરિવારના દબાણથી તેણીને ઘરમાંથી બહાર કાઢવામાં આવી. ફરિયાદી તરફથી જણાવ્યું હતું કે સતત દબાણ, માનસિક ત્રાસ અને ધમકીઓના કારણે તેનું ઘરેલું જીવન પ્રભાવિત થયું અને તેણીને સુરક્ષાની ભીતિ થવા લાગી.

મહિલાના જણાવ્યા મુજબ, લાંબા સમયથી ચાલતા શોષણ બાદ તેણે કાનૂની માર્ગ અપનાવ્યો છે. આ કેસ ઘરેલુ ત્રાસ, ધમકી અને સ્ત્રી વિરુદ્ધના અત્યાચાર અંગે ગંભીર મુદ્દાઓને ઉજાગર કરે છે. સંબંધિત તંત્ર દ્વારા આગળની પ્રક્રિયા હાથ ધરાઈ રહી છે, જ્યારે ફરિયાદી ન્યાય અને સુરક્ષા માટે પગલાં લઈ રહી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વડોદરા શહેરમાં ૨૬ દારૂ કેસો, મુદ્દામાલ મોટાપાયે જપ્ત

વડોદરા શહેર પોલીસે 14 નવેમ્બર 2025ના રોજ પ્રોહિબિશન વિરોધી અભિયાન હેઠળ શહેરના અલગ અલગ વિસ્તારોમાં વ્યાપક ચેકિંગ અભિયાન ચલાવ્યું હતું. આ કામગીરી દરમિયાન કુલ 26 દારૂના કેસો નોંધાયા હતા. પોલીસે 54 લીટર દેશી દારૂ અને 1,487 ઇંગ્લીશ દારૂના ક્વાર્ટરના નંગ સહિત કુલ ₹4,06,910 મૂલ્યનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. સાથે જ પીધેલા હાલતમાં મળેલા 13 સહિત કુલ 27 ઇસમોને પોલીસે અટક કર્યા છે. શહેર પોલીસ મુજબ ગેરકાયદે દારૂ વેચાણ, પરિવહન અને વપરાશ પર અંકુશ રાખવા માટે આગામી દિવસોમાં પણ આવી કામગીરી સઘન રીતે ચાલુ રહેશે.

## વડોદરામાં પીકઅપ વાહનોમાંથી સ્પેરવ્હીલ ચોરી વધતા કેસ

વડોદરા શહેરના મકરપુરા, હરણી, વારસીયા અને બાપોદ પોલીસ હદમાં અલગ અલગ જગ્યાએ ઉભી રાખેલી બોલેરો અને પીકઅપ વાહનોમાંથી સ્પેરવ્હીલ ચોરીના કુલ છ કેસ નોંધાયા છે. દરેક ઘટનામાં અજાણ્યા શખ્સોએ રાત્રિના સમયે વાહનના પાછળના ભાગેથી આશરે ₹10,000 થી ₹15,000 મૂલ્યના સ્પેરવ્હીલ ઉતારી લઈ ગયા હતા. ચોરીની તમામ ઘટનાઓ દુકાનો, સોસાયટીઓ અને રસ્તા કિનારેથી બની છે. સંબંધિત પોલીસ સ્ટેશનો સીસીટીવી ફૂટેજ, લોકલ સૂત્રો અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે આરોપીઓ સુધી પહોંચવા તપાસ આગળ ધપાવી રહ્યા છે.

## કારપૂલમાં નશો સુંઘાડી લૂંટનો ચોંકાવનાર કેસ

હરણી પોલીસ સ્ટેશન હદમાં કારપૂલિંગ એપ દ્વારા મુસાફરી દરમિયાન નશો સુંઘાડી ચોરી કરવાનો ગંભીર કેસ નોંધાયો છે. 'સુખી' નામના યુવકે BLA BLA એપ પર સીટ બુક કરી ઈન્દોરથી વડોદરા આવતી ફરિયાદીની મહીન્દ્રા KUV-100 કાર (MH-14-FS-6106)માં મુસાફરી કરી હતી. મુસાફરી દરમિયાન આરોપીએ ફરિયાદીને નશાયુક્ત પદાર્થ સુંઘાડી બેહોશ કરી ચોરી અંજામ આપી હોવાનું બહાર આવ્યું છે. ફરિયાદના આધારે IPC 2023ની કલમ 123, 303(2) અને IT એક્ટ 66(સી) હેઠળ ગુનો નોંધાયો છે. હરણી પોલીસ ટેકનિકલ તપાસ શરૂ કરી છે.

## આચાર્ય દેવવ્રત બગોયામાં ગૌસેવા રોકાણ

અમરેલી/સાવરકુંડલા: ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાહેબ હાલ અમરેલી જિલ્લાના પ્રવાસે છે. પ્રવાસ દરમિયાન, તેઓ સાવરકુંડલા તાલુકાના બગોયા ગામે ગૌસ્વામી સાધુ સમાજના નિવાસસ્થાને પધાર્યા હતા.

રાજ્યપાલશ્રીએ અખીલ ભારતીય જુનાં અખાડાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પૂજ્ય ઇન્દ્રભારથી બાપુના શિષ્ય ભીખુગીરીબાપુના ઘર આંગણે મુલાકાત લીધી હતી. આ મુલાકાત વખતે તેમણે ગાયમાતાને ગોળ ખવડાવીને ગૌવસેવાની ભાવનાને પ્રોત્સાહન આપ્યું હતું, જે તેમની ગૌપ્રેમની સાદગી દર્શાવે છે. ભીખુગીરી બાપુએ રાજ્યપાલને સન્માન સાથે ભગવી શાલ અને રુદ્રાક્ષની માળા અર્પણ કરી હતી. તેમના મોટા દીકરા મહેશગીરી ગૌસ્વામીએ પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું, જ્યારે પૌત્રી વૃંદાબહેને સ્વયં દોરેલું ચિત્ર ભેટ આપી વિશેષ સન્માન કર્યું હતું.

ધાર્મિક અને સામાજિક મુલાકાત બાદ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ બગોયાની પ્રાથમિક શાળામાં રાત્રી રોકાણ કર્યું હતું, જે તેમની સાદગી અને જનસમુદાય સાથે જોડાણની ભાવનાને ઉજાગર કરે છે.



## માંજલપુર અકસ્માત: બાઈક ટક્કરે UPના યુવકનું મોત

વડોદરાના માંજલપુર વિસ્તારમાં ૧૪ નવેમ્બરની રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પંજાબી ઝાયકા રેસ્ટોરન્ટમાં કામ કરતા ૨૮ વર્ષીય ઉત્તર પ્રદેશના યુવક બિપિન ગૌતમ તુલસીધામ ચાર રસ્તા પાસે રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન પૂરપાટ ઝડપે આવતા બાઈકચાલકે તેમને જોરદાર ટક્કર મારી, જેનાથી બિપિન ૧૦ ફૂટ ઢસડાયા હતા. આ ઘટના CCTVમાં પણ કેદ થઈ છે. ગંભીર રીતે ઇજાગ્રસ્ત બિપિનને સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. દુકાન માલિક મુકેશભાઈ માખીજાની અને મૃતકના મિત્ર શિવમ ગૌતમે ન્યાયની માંગ કરી છે, કારણ કે બિપિન ઘરમાં એકમાત્ર કમાનાર હતા. અકસ્માત કરનાર બાઈકચાલકને પણ ઇજા થઈ હતી, અને તેના સંબંધીઓ બાઇક લઈને ફરાર થઈ ગયા હતા. માંજલપુર પોલીસે ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## લગ્નની લાલચ આપી યુવતી પર ગેંગરેપ: બે મિત્રો સામે ફરિયાદ



અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં રહેતી એક ૨૪ વર્ષીય યુવતીને લગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી છે. આ મામલે યુવતીએ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં એઝાઝ અને તેના મિત્ર આરજુ ઉર્ફે વસીમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. યુવતીના પરિવારના પરિચિત અનવરના માધ્યમથી એઝાઝનો સંપર્ક થયો હતો. શરૂઆતમાં લગ્નની વાત આગળ ન વધ્યા બાદ , એઝાઝે બકરી ઈદના ચાર-પાંચ દિવસ બાદ યુવતીને ફોન કરીને લગ્નની લાલચ આપી બહાર બોલાવી હતી. તે યુવતીને નારોલની એક હોટલમાં લઈ ગયો, જ્યાં તેની મરજી વિરુદ્ધ શરીરસંબંધ બાંધ્યો અને બદનામ કરવાની ધમકી આપી. ત્યારબાદ એઝાઝ અવારનવાર યુવતીને મળવા બોલાવી દુષ્કર્મ કરતો રહ્યો. થોડા સમય બાદ, એઝાઝના મિત્ર આરજુ ઉર્ફે વસીમે પણ યુવતીના ફોટોગ્રાફ્સ વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઈલ કરી , જમાલપુર ખાતેની હોટલમાં તેની મરજી વિરુદ્ધ સંબંધ બાંધ્યો. બંને મિત્રોના સતત બ્લેકમેઈલ અને દુષ્કર્મથી કંટાળીને યુવતીએ આખરે પોતાના પરિવારને જાણ કરી. પરિવારની હિંમત મળતા યુવતીએ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

## મતદાર યાદી સુધારણા કામગીરી સામે શિક્ષકોનો ઉગ્ર વિરોધ: ધરપકડ વોરંટ ઇશ્યુ થતાં શિક્ષક સંઘોએ મુખ્યમંત્રીને રજૂઆત કરી BLO માટે અલગ કેડરની માંગ કરી



રાજકોટ અને અમદાવાદમાં શિક્ષક સંઘોમાં અસંતોષ ઉગ્ર બન્યો છે, કારણ કે ખાસ મતદાર યાદી સુધારણા ઝુંબેશ (SIR) અંતર્ગત શિક્ષકોને આપવામાં આવેલી ફરજો અને ગેરહાજરી બદલ કેટલાક સામે ધરપકડ વોરંટ જાહેર થયા છે. 15 નવેમ્બરે બંને શહેરોમાં શૈક્ષણિક સંઘોએ કલેક્ટર મારફતે મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી.

રાજકોટ જિલ્લા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘે માંગણી કરી કે મતદાર યાદી સુધારણાંની કામગીરી શિક્ષકોને બદલે અલગ BLO કેડર દ્વારા કરાવવામાં આવે, કારણ કે આ ફરજો શિક્ષણ કાર્યને અસર કરે છે. સંઘના ઉપાધ્યક્ષ હિરેન વ્યાસે જણાવ્યું કે બીમારી અથવા અન્ય કારણસર મોડું થવા છતાં વોરંટ કાઢવામાં આવે છે, જે અયોગ્ય છે. અમદાવાદમાં પણ પ્રતિનિધિઓએ રજૂઆત કરી હતી. શૈક્ષણિક મંત્રી અક્ષિતા જાનીએ જણાવ્યું કે એક BLOને સરેરાશ 1400 મતદારોની વિગતો અને ઓનલાઈન એન્ટ્રી કરવાની ફરજ સમયસાપેક્ષ છે. શિક્ષિકા હિરલ જાનીએ વ્યક્તિગત મોબાઈલ નંબર જાહેર ન થાય તે માટે કોમન હેલ્પલાઇન નંબરની માંગ ..

## અમદાવાદ SG હાઈવે પર હિટ એન્ડ રનથી ચકચાર: ફરજ પર જઈ રહેલા બે હોમગાર્ડ જવાન ઘાયલ; કારચાલક નશામાં હોવાની શંકા

**અમદાવાદ:** શહેરના SG હાઈવે પર રાજપથ રંગોલી રોડ નજીક ૧૪ નવેમ્બરની મોડી રાત્રે વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે, જેમાં ફરજ પર જઈ રહેલા બે હોમગાર્ડ જવાન ઘાયલ થયા છે.

સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોમગાર્ડ જવાન મંજૂરહુસેન અને તનવીર શેખ બાઇક પર પોલીસ સ્ટેશન તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન, એસ.પી. રિંગ રોડ તરફથી પૂર ઝડપે આવી રહેલી એક કારે પાછળથી તેમની બાઇકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બંને જવાન બાઇક સાથે રોડ પર પટકાયા હતા.

અકસ્માત બાદ કારચાલક પોતાનું વાહન રેલિંગમાં અથડાવીને ઘટનાસ્થળેથી તાત્કાલિક ફરાર થઈ ગયો હતો. બૂમાબૂમ થતાં નજીકના પોઇન્ટ પર ઊભેલા અન્ય પોલીસકર્મીઓ દોડી આવ્યા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા બંને જવાનોને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં જવાન તનવીર શેખને ગંભીર ઇજા પહોંચી છે અને હાલ તેમની સારવાર ચાલી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, અકસ્માત કરનાર કારચાલક નશાની હાલતમાં હોવાની શંકા છે. એટલું જ નહીં, આ કારચાલકે આ અકસ્માત પહેલા પણ રસ્તામાં ત્રણ શ્રમિકોને અડફેટે લીધા હતા, ત્યારબાદ બીજો અકસ્માત સર્જ્યો હતો.

સરખેજ પોલીસે આ અંગે ગુનો નોંધીને ફરાર કારચાલકને પકડવા અને તે નશાની હાલતમાં હતો કે કેમ, તે સહિતની દિશામાં વધુ તપાસ શરૂ કરી છે. રોડ પર અકસ્માતના નિશાન સ્પષ્ટપણે જોવા મળી રહ્યા હતા.



## મકરપુરામાં પાણીની લાઈનમાં ભંગાણ: લાખો લિટર પાણી વેડફાયું

વડોદરાના મકરપુરા એસ.ટી. ડેપો સામે રસ્તો પહોળો કરવાની કામગીરીમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગો વચ્ચે સંકલનનો અભાવ જોવા મળ્યો. આ અભાવને કારણે પાણીની લાઇનમાં ભંગાણ થયું, જેના કારણે લાખો લિટર શુદ્ધ પાણીનો જથ્થો વેડફાઈ ગયો. આ ભંગાણને લીધે અડધા મકરપુરા ગામને પાણી મળ્યું ન હતું. એક તરફ શહેરમાં પાણીનો કકળાટ છે, ત્યારે થયેલા આ વેડફાટથી કોર્પોરેશનની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે.

## નિરમા યુનિવર્સિટી રિફંડમાં ₹5 કરોડની ઉચાપત કાંડ

અમદાવાદના SG હાઈવે સ્થિત નિરમા યુનિવર્સિટીમાં કર્મચારી પ્રકાશ ઠાકોરે સ્ટુડન્ટ બુક રિફંડના નાણાંમાં લગભગ ₹5 કરોડની ઉચાપત કરી હોવાનું બહાર આવ્યું છે. મેનેજમેન્ટ વિભાગના એસોસિયેટ પ્રોફેસર નિકુંજ પટેલે સોલા પોલીસમાં પ્રકાશ સહિત 7 લોકો સામે ફરિયાદ નોંધાવી છે. આરોપીએ ઓડિટ દરમિયાન સ્વીકાર્યું કે તેણે રિફંડની રકમ વ્યક્તિગત ઉપયોગ માટે વાપરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે આરોપીએ બે વર્ષ દરમિયાન મિત્રો અને ઓળખીતાના ખાતાઓમાં કિસ્સાવાર રકમ ટ્રાન્સફર કરી હતી. સોલા હાઈકોર્ટ પોલીસએ તમામ આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## ચૈતન્યસિંહ ઝાલાનું વિવાદાસ્પદ નિવેદન

વડોદરા જિલ્લાના પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ મોભા સ્નેહમિલન કાર્યક્રમમાં વિવાદાસ્પદ નિવેદન આપી રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. તેમણે કહ્યું કે, "પાદરામાં રહેતા રોહિંગ્યાને શોધી-શોધીને બાંગ્લાદેશ મોકલવાના છે." ઝાલાએ કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસ "જૂઠું બોલે છે અને જોરથી બોલે છે", અને તેમના કારણે જ પાદરા-જંબુસર હાઇવે જેવા વિકાસના કામો અટક્યા હતા. તેમણે દાવો કર્યો કે કોંગ્રેસ નામના "રોડા" ને હટાવ્યા બાદ જ રોડ તૈયાર થયો છે અને પીવાના પાણીની સમસ્યા દૂર થઈ છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, આ ભારત દેશ છે, જેમાં અન્ય કોઈ દેશનો પંજો પડવા દેવાનો નથી.



## ગોરવા વિસ્તારમાં મનપા દ્વારા ૨૫ ગેરકાયદે દબાણો દૂર કરાયા

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખાએ આજે ગોરવા વિસ્તારમાં મધુનગર ચાર રસ્તાથી કેનાલ તરફ જતા માર્ગ પર પોલીસ બંદોબસ્ત સાથે ગેરકાયદે દબાણો દૂર કરવાની કાર્યવાહી શરૂ કરી. ટી.પી. 55-એ મુજબ 24 મીટર રસ્તાના રેસમાં નડતરરૂપ કાચા-પાકા મકાનો, શેડ અને ઓટલા સહિત કુલ 25 જેટલા યુનિટ તોડવાની કામગીરી હાથ ધરાઈ. દબાણકર્તાઓ પોતાનો સામાન બહાર કાઢતા નજરે પડ્યા હતા. આ ઓપરેશનમાં બે ટીમો, પાંચ JCB મશીનો, તેમજ ગોરવા પોલીસ, જીઈબી, સ્ટ્રીટ લાઈટ, ફાયર, ટીડીઓ અને મેડિકલ ટીમો જોડાઈ હતી.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫